# 10

# અપૂર્ણ (અધૂરી) માહિતી પરથી હિસાબો

## વિભાગ A

**નીચે આપેલ બહુવિકલ્પ પ્રશ્નો માટે સાચો વિકલ્પ પસંદ કરી પ્રશ્નની સામે આપેલ ખાનામાં લખો :**

**1.** એકનોંધી નામાપદ્ધતિની મૂડી સરખામણીની રીતમાં આખરની મૂડી શોધવા કયું પત્રક બનાવવામાં આવે છે ? [ ]

(a) નફા-નુકસાનનું પત્રક (b) માલસામગ્રીનું પત્રક

(c) સ્થિતિદર્શક પત્રક (d) બૅન્ક પાસબુક

**2.** અપૂર્ણ માહિતી પરથી હિસાબો લખવાની પદ્ધતિને .......... પણ કહેવાય છે. [ ]

(a) દ્વિનોંધી નામાપદ્ધતિ (b) એકનોંધી નામાપદ્ધતિ

(c) દેશી નામાપદ્ધતિ (d) સ્વતંત્ર નામાપદ્ધતિ

**3.** કઈ પદ્ધતિમાં અમુક વ્યવહારોની એક જ નોંધ જ્યારે બાકીના વ્યવહારોની બે નોંધ થાય છે ? [ ]

(a) દેશી નામાપદ્ધતિ (b) દ્વિનોંધી નામાપદ્ધતિ

(c) એકનોંધી નામાપદ્ધતિ (d) સ્વતંત્ર નામાપદ્ધતિ

**4.** મૂડીની સરખામણીની રીતમાં નફો-નુકસાન દર્શાવતા પત્રકમાં માલિકના ઉપાડ પરના વ્યાજની કઈ અસર થશે ? [ ]

(a) આખરની મૂડીમાંથી બાદ કરવામાં આવશે.

(b) આખરની મૂડીમાં ઉમેરીને ત્યાર પછી બાદ કરવામાં આવશે.

(c) આખરની મૂડીમાંથી બાદ કરીને ત્યાર પછી ઉમેરવામાં આવશે.

(d) આખરની મૂડીમાં ઉમેરવામાં આવશે.

**5.** મૂડીની સરખામણીની રીતમાં નફો-નુકસાન દર્શાવતું પત્રક બનાવતી વખતે માલિક દ્વારા વર્ષ દરમિયાન લાવેલ મૂડીની કઈ અસર આપવામાં આવશે ? [ ]

(a) આખરની મૂડીમાંથી બાદ કરાશે. (b) આખરની મૂડીમાં ઉમેરો કરાશે.

(c) શરૂઆતની મૂડીમાંથી બાદ કરાશે. (d) પત્રકમાં કોઈ અસર આપવામાં આવશે નહિ.

## વિભાગ B

**નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો :**

**1.** નફો કે નુકસાન દર્શાવતા પત્રકમાં સામાન્ય રીતે કયા પ્રકારના હવાલાની અસરો આપવામાં આવે છે ?

2. એકનોંધી પદ્ધતિના ઉપયોગોના માત્ર મુદ્દાઓ જણાવો.

3. એકનોંધી પદ્ધતિની કોઈ પણ બે મર્યાદાઓના માત્ર મુદ્દાઓ જણાવો.

4. સામાન્ય રીતે એકનોંધી પદ્ધતિથી કોણ હિસાબો તૈયાર કરે છે ?

5. મૂડીની સરખામણીની રીતમાં ધંધાનું પાકું સરવૈયું તૈયાર કરવા માટે ગણતરીના તબક્કાઓ જણાવો.

6. મૂડીની સરખામણીની રીતમાં મૂડી પરના વ્યાજની રકમ નફા-નુકસાન દર્શાવતા પત્રકમાં ક્યાં દર્શાવાશે ?

7. મૂડીની સરખામણીની રીતમાં મિલકત પરના ઘસારાની રકમ પાકાં સરવૈયામાં ક્યાં દર્શાવાશે ?

◆